માન. મુખ્યમંત્રીશ્રીના SWAGAT ફરિયાદ નિવારણ
કાર્યક્રમમાં સંબંધિત અધિકારીશ્રીઓને અચૂક હાજર
રહેવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃવહસ/૧૦૨૦૦૮/મુમક/૭૩/વસુતાપ્ર(૨)
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩-૦૩-૨૦૧૫

વંચાણે લીધા -
(૧) સા. વ. વિભાગનો તા.૨૩-૧-૨૦૦૮નો પરિપત્ર ક્રમાંક:વહસ-૧૦૨૦૦૮-મુમક-૭૩-વસુતાપ્ર-૨.
(૧) સા. વ. વિભાગનો તા.૧૮-૨-૨૦૦૮નો પરિપત્ર ક્રમાંક:વહસ-૧૦૨૦૦૮-મુમક-૭૩-વસુતાપ્ર-૨.

<u>પરિપત્ર</u> :-

લોકોની ફરિયાદોના ઝડપી નિકાલ કરવાના ઉમદા હેતુથી માન. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં દર માસે ચોથા ગુરૂવારે રાજય સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે. માન મુખ્યમંત્રીશ્રી દ્વારા અરજદારના પ્રશ્નો/રજૂઆતોને રૂબરૂ સાંભળવામાં આવે છે. રાજય સ્વાગત કાર્યક્રમમાં વિભાગ કક્ષાએથી વિભાગના વડા(સચિવશ્રીઓ), ખાતાના વડા કક્ષાએથી ખાતાના વડા તેમજ જિલ્લા કક્ષાએથી જિલ્લાના સ્થાનિક વહીવટીતંત્રના વડાઓએ ઉપસ્થિત રહેવાનું હોય છે. માન. મુખ્યમંત્રીશ્રી તેઓની સાથે રૂબરૂ/વીડીઓ-કોન્ફરન્સીંગથી અરજદારના પ્રશ્નો સંબંધે સીધી ચર્ચા કરે છે.

રાજય સ્વાગત કાર્યક્રમમાં ગંભીર અને સંવેદનશીલ બાબતોમાં જયારે માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા વિગતો/માહિતી માંગવામાં આવે છે તે સમયે વિભાગના વડાશ્રીઓ/ખાતાના વડાશ્રીઓની અનુપસ્થિતિના કારણે માહિતી મળતી નથી. પરિણામે કેટલીક બાબતો પર અરજદારની રજૂઆત પરત્વે નિર્ણય કરવામાં વિલંબ/મુશ્કેલી સર્જાય છે અને રાજય સ્વાગત કાર્યક્રમની ગરિમાને હાનિ પહોંચે છે.

માન.મુખ્યમંત્રીશ્રીના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકો તરફથી રજૂ થતા પ્રશ્નોમાં નીતિ વિષયક બાબતોના ઉકેલ માટે અનુસરવાની થતી કાર્યપધ્ધતિ અંગે ઉક્ત વંચાણે લીધેલ-તા.૨૩-૦૧-૨૦૦૮ તથા તા.૧૮-૨-૨૦૦૮ના પરિપત્રોથી જરૂરી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેવા તથા હવેથી માન.

મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં દર માસે ચોથા ગુરૂવારે યોજવામાં આવતા રાજય સ્વાગત કાર્યક્રમમાં સંબંધિત અધિકારીશ્રીઓને અચૂક હાજર રહેવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે. તદ્ ઉપરાંત આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૩-૦૧-૨૦૦૮ તથા તા.૧૮-૦૨-૨૦૦૮ ના પરિપત્રોથી આપવામાં આવેલ સૂચનાઓનો ચુસ્ત પણે અમલ કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.કુરેશી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુ. સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/ રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સર્વે પ્રભારી સચિવશ્રીઓ, ગુજરાત રાજય.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/પ્રાંત અધિકારીશ્રીઓ, ગુજરાત રાજય.
- સર્વે મામલતદારશ્રીઓ/સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, ગુજરાત રાજય.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર. (ખાતાના વડાઓને જાણ કરવાની વિ. સહ)
- સર્વે ખાતના વડાઓ
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/ અધિકારીશ્રીઓ
- સિલેકટ ફાઇલ
- પત્ર દ્વારા